# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# સેન્ટ્રલ વર્કશોપ

# 1- Role, Functions & Objectives

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરીકલક્ષી સેવાઓ વધુ સારી રીતે પુરી પાડવા સતત પ્રયત્નશીલ રહે છે. સેવાઓ ઝડપી અને અસરકારક રીતે કરવા સારૂ લેટેસ્ટ ટેકનોલોજી અનુસારનાં જુદા - જુદા પ્રકારનાં વાહનો, સાધનો અને મશીનરીઓનો ઉપયોગ કરી પ્રજાજનોને હેલ્થ, પાણી, ગટર અને લાઈટ સહિતની જુદી - જુદી સેવાઓ વધુ સારી રીતે પુરી પાડવા આયોજન કરાયેલ છે. અ.મ્યુ.કો.નાં જુદા જુદા વિભાગોમાં જરૂરી મીકેનીકલ સાધનો , વાહનો, મશીનરીઓ વિગેરેનાં ખરીદી, રીપેર - નિભાવ, ફ્યુઅલ મેનેજમેન્ટ, ડ્રાયવર મેનેજમેન્ટ સહિતની જુદી જુદી કામગીરીઓ સેન્ટ્રલ વર્કશોપ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ઉપરોક્ત સેવાઓ માટે પુરા પાડવામાં આવતા વાહનો / સાધનો વિગેરેની ડિઝાઈન, ટેકનોલોજી તથા કાર્યપધ્ધતિમાં આમુલ પરીવર્તન કરી જરૂરીયાતોને ધ્યાને લઇ અદ્યતન ટેકનોલોજીઓ ધરાવતા સાધનો / વાહનો ઉપયોગમાં મુકવામાં આવેલ છે. જેને કારણે શહેરની જાહેર આરોગ્ય અને સફાઈ વિષયક જુદી - જુદી કામગીરીઓમાં ઉત્કૃષ્ટ પરીણામો મળેલ છે. શહેરીજનોની સુવિધા સારૂ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જુદા જુદા પ્રકારનાં લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતા વાહનો / સાધનો અંદાજે ૧૦૦ કરોડનાં ખર્ચે ૮૫૦ થી વધુ વાહનો વસાવી ઉપયોગમાં મુકવામાં આવેલ છે.

હાલમાં અમદાવાદ શહેરની સફાઈની અને જાહેર આરોગ્ય વિષયક જુદી - જુદી કામગીરીઓ માટે જુદા - જુદા પ્રકારનાં ૧૧૨૫ જેટલાં અદ્યતન ટેકનોલોજી ધરાવતા વાહનો / સાધનોનાં ઉપયોગને કારણે દૈનિક ૪૦૦૦ ટન કરતાં વધુ કચરાનો ખૂબ જ અસરકારક રીતે, ઈકોનોમીકલી નિકાલ કરવાની કામગીરી હાથ ધરી શકાયેલ છે. જુદા - જુદા વેસ્ટબીન દ્વારા રહેણાંક તથા કોમર્શીયલ એકમોમાંથી કચરાને એકત્ર કરી તેને બંધ બોડીમાં વાહન દ્વારા ટ્રાન્સફર સ્ટેશન ખાતે એકઠો કરવામાં આવે છે. જ્યાંથી કચરાને અદ્યતન મશીનરીમાં કોમ્પેક્ટ કરીને તેને હુક લોડર મશીન દ્વારા ૧૨થી ૧૫ ટન કેપેસીટીનાં કન્ટેઈનર દ્વારા ડમ્પીંગ સાઈટ પર આખરી નિકાલ માટે મોકલવામાં આવે છે. જેમાં દરેક ઝોનમાં એક કે વધુ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનો બનાવેલ હોઈ, કચરાને બંધ બોડીનાં કન્ટેઈનરોમાં એકઠો કરી તેને ટ્રાન્સફર સ્ટેશન દ્વારા કોમ્પ્રેસ્ડ કરીને તેનો નિકાલ ડમ્પીંગ સાઈટ પર કરવાનું આયોજન કરાયેલ છે. જેને કારણે કચરાનાં પરીવહન ખર્ચમાં ઘટાડો મળવા સહિત એર પોલ્યુશનમાં પણ ઘટાડો થવા પામે છે. વધુમાં શહેરમાંથી નિકાલ કરવામાં આવતા કચરાને બુલડોઝર, વ્હીલડોઝર, કોમ્પેક્ટર, એસ્કેવેટર, વ્હીલલોડર વિગેરે જેવી આધુનિક મશીનરીઓથી તેનાં યોગ્ય નિકાલ વિગેરેની કાર્યવાહી કરવામાં આવે છે.

આ ઉપરાંત શહેરની અન્ય જુદી - જુદી નાગરીકલક્ષી સેવાઓ વધુ અસરકારક રીતે પુરી પાડવા સારૂ અદ્યતન સાધનો મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે વસાવી ઉપયોગમાં મુકવામાં આવે છે. જેની ટૂંકી નોંધ નીચે મુજબ છે.

- ગાર્ડન ખાતાની કામગીરી માટે વૃક્ષને યોગ્ય રીતે ટ્રીમીંગ કરવા વિગેરે માટે હાઈડ્રોલીક પ્રકારનાં ટ્રી ટ્રીમીંગવાન બનાવી દરેક ઝોનમાં ફાળવવામાં આવેલ છે. જેની ખાસ બકેટ દ્વારા ઉંચા ઝાડનું પણ ટ્રીમીંગ કરી શકાય છે.

- શહેરમાંથી પસાર થતી સાબરમતી નદીને સ્વચ્છ રાખવા અને તેની શોભામાં વધારો થઈ શકે તે હેતુસર ફ્લોટીંગ વેસ્ટને એકત્ર કરી તેનો નિકાલ કરવા સારૂ અધતન ટ્રેસ સ્કીમર પ્રકારનું મશીન

વસાવીને ઉપયોગમાં મુકાયેલ છે. વળી આ મશીનથી શહેરનાં અન્ય વોટર બોડીમાં પણ આ પ્રકારનાં વેસ્ટ નિકાલની કામગીરી હાથ ધરી શકાય છે.

- શહેરમાં દૈનિક ધોરણે મુત્યુ પામતા જાનવરોનાં ત્વરીત અને યોગ્ય નિકાલ સારૂ હાઈડ્રોલીક પ્રકારનાં પ્લેટફોર્મ ધરાવતા ડેડ એનીમલ કલેક્શન અને ટ્રાન્સપોર્ટેશન માટેનાં વાહનો ઉપયોગમાં મુકવામાં આવેલ છે.

- શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ, મોડલ રોડ, જનમાર્ગો, જાહેરમાર્ગો વિગેરેની ડિવાઈડર તથા ફુટપાથ પાસે ડસ્ટ, રેતી વિગેરેની સઘન, ઝડપી અને અસરકારક સફાઈ માટે અદ્યતન પ્રકારનાં સ્વીપીંગ મશીનો ખરીદ કરી ઉપયોગમાં મુકવામાં આવેલ છે.

- ચોમાસાની સિઝનમાં ભારે વરસાદનાં કારણે વધુ પ્રમાણમાં વરસાદી પાણી ભરાય તેવા એરીયા, અંડરબ્રીજ, વિગેરેમાંથી પાણીનાં ઝડપથી અને અસરકારક નિકાલ માટે વાહન માઉન્ટેડ હેવી ડ્યુટી પ્રકારનાં ડી - વોટરીંગ પંપો વસાવી ઉપયોગમાં મુકાયેલ છે.

- શહેરનાં નાગરિકોને તેમનાં વિસ્તારમાંથી મ્યુનિસિપલ ટેક્ષ ભરી શકાય તે સારૂ તાજેતરમાં જ અદ્યતન પ્રકારની મોબાઈલ ટેક્ષ કલેકશન વાન તૈયાર કરવામાં આવેલ છે.

- શહેરમાં દુરનાં વિસ્તારોમાં રહેતાં કે જ્યા અ.મ્યુ.કો. સંચાલિત શાળાની સગવડ ઉપલબ્ધ ન હોય ત્યા વસતા બાળકોને પ્રાથમિક જરૂરીયાતનું શિક્ષણ આપવાનાં અભિગમથી કોમ્પ્યુટર, ડીવીડી વિગેરે સહિતની અધ્યતન સુવિધા ધરાવતી મોબાઈલ સ્કુલવાન દ્વારા બાળકોને શિક્ષણ આપવા, મોબાઈલ સ્કુલ બસો બનાવી ઉપયોગમાં મુકવામાં આવેલ છે.

- શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલ વિગેરેની સફાઈ સારૂ તથા અન્ય સફાઈ કામગીરીઓ હેતુસર અદ્યતન ટેકનોલોજીવાળા હાઈડ્રોલીક પ્રકારનાં ગ્રેબ બકેટ માઉન્ટેડ લીફ્ટીંગ ક્રેન ઉપયોગમાં મુકી વધુ અસરકારક સફાઈ હાથ ધરવાનુ આયોજન છે.

- અમદાવાદ શહેરની ઓળખ સમાન કાંકરીયા તળાવ ખાતે મુલાકાતે આવતા નાના બાળકો, સીનીયર સીટીઝન સહિતનાં પ્રવાસીઓનાં આનંદ - પ્રમોદ સારૂ કાંકરિયા ખાતે વપરાતી અગાઉની જુની જલપરી બસની જગ્યાએ લેટેસ્ટ પ્રકારની ડીઝલ અને ઇલેકટ્રીક ઓપરેટેડ બસ પણ ટૂંક સમયમાં ઉપયોગમાં મુકવામાં આવનાર છે.

- શહેરમાં આવેલ જુદા - જુદા જાહેર રસ્તાઓ પરની ફુટપાથ, જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો વિગેરે પાસેથી પસાર થતાં નાગરીકોને સરળતાથી કચરો નાખવાની સુવિધા મળી રહે અને જ્યાં - ત્યાં લીટરીંગ ન થાય અને તે દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવી શકાય તે હેતુસર ફુટપાથ તથા જાહેર સ્થળોએ લીટરબીન મુકવામાં આવેલ છે. તથા આવા લીટરબીનમાં એકઠા થતા ઘન કચરાનો સ્મોલ મોબાઈલ વેસ્ટ કલેકશન વાહન દ્વારા નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

- શહેરમાં જુદા - જુદા સ્થળોએ કે જ્યાં નાના જથ્થામાં કચરો દિવસ દરમ્યાન એકઠો થતો હોય તેવા સ્થળોએ સતત ચોખ્ખાઈ જળવાઈ રહે તે હેતુસર નાના સીલ્વર ટ્રોલી પ્રકારનાં ગાર્બેજ બીન તથા તેનાં દૈનિક લીફીંગની કામગીરી સારૂ અદ્યતન રેફ્યુઝ કોમ્પેકટર પ્રકારનાં હાઈડ્રોલીક વાહનો વસાવી ઉપયોગમાં મુકવામાં આવે છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## સેન્ટ્રલ વર્કશોપ
## વાહનોની વિગત - મોટર વિભાગ

| અ.નં. | વિગત | કુલ વાહનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | **ટીપર ટ્રક** | ૧૧૧ |
| ૨ | ડમ્પર પ્લેસર | ૧૩૨ |
| ૩ | સ્કીપ લીફટર | ૧૪ |
| ૪ | ગાર્બેજ ટીપર | ૪૧ |
| ૫ | રેફ્યુઝ કોમ્પેકટર | ૫૪ |
| ૬ | સ્ટેશનરી કોમ્પેકટર | ૧૨ |
| ૭ | હુક લોડર | ૬૫ |
| ૮ | રોડ સ્વીપર મશીન | ૪૦ |
| ૯ | કાર | ૯૩ |
| ૧૦ | જીપ | ૪૮ |
| ૧૧ | વોટર ટેન્કર | ૨૭ |
| ૧૨ | ન્યુસન્સ ટેન્કર | ૨૨ |
| ૧૩ | સેસપુલ ટેન્કર | ૧૭ |
| ૧૪ | દબાણ વાન | ૩૧ |
| ૧૫ | પીકઅપ વાન | ૨૩ |
| ૧૬ | ફોગીંગ મશીન | ૯ |
| ૧૭ | ટ્રી ટ્રીમીંગ વાન | ૮ |
| ૧૮ | હોસ્પીટલ (મેડીકલ)વાન | ૨૧ |
| ૧૯ | નર્સીંગ સ્કુલ બસ | ૫ |
| ૨૦ | સ્કુલ વાન | ૭ |
| ૨૧ | ડેડ / વેસ્ટ એનીમલ વાન | ૬ |
| ૨૨ | એનીમલ એમ્બ્યુલન્સ ાન | ૨ |
| ૨૩ | ડોગ કન્ટ્રોલ વાન | ૧૭ |
| ૨૪ | બ્રેકડાઉન વાન | ૭ |
| ૨૫ | મીટવાન | ૪ |
| ૨૬ | મોબાઈલ કોર્ટ વાન | ૧ |
| ૨૭ | મોબાઈલ ટોઇલેટ ટ્રેઈલર | ૨૪ |
| ૨૮ | સી.એન.સી.ડી. ટ્રેઈલર | ૭ |
| ૨૯ | ટ્રેકટર | ૮૫ |
| ૩૦ | ટ્રેકટર ટ્રેઈલર | ૮૧ |
| | **કુલ** | **૧૦૧૪** |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## સેન્ટ્રલ વર્કશોપ
## મશીનરીની વિગત - રોલર સેકશન

| અ.ન. | વિગત | કુલ વાહન |
|---|---|---|
| ૧ | રોડ રોલર | ૧૭ |
| ૨ | ફ્રન્ટ એન્ડ લોડર | ૪૦ |
| ૩ | બુલ ડોઝર | ૬ |
| ૪ | વ્હીલ ડોઝર | ૩ |
| ૫ | વ્હીલ લોડર | ૩ |
| ૬ | સ્કીડ સ્ટીયર લોડર | ૨૯ |
| ૭ | એસ્કેવેટર | ૪ |
| ૮ | સોઈલ કોમ્પેકટર | ૨ |
| ૯ | જેટીંગ રીક્ષા | ૯ |
| ૧૦ | રેફ્યુઝ રીક્ષા | ૧૨ |
| ૧૧ | લોડીંગ રીક્ષા | ૩ |
| ૧૨ | ડી વોટરીંગ પંપ (ø ૬“) | ૧૩ |
| ૧૩ | ડી વોટરીંગ ટ્રોલી પંપ(ø - ૩“ ) | ૧૦૦ |
| ૧૪ | પોર્ટેબલ ફોગીંગ મશીન | ૨૬૬ |
| ૧૫ | સુપર ડીલક્ષ ફોગીંગ મશીન (રીક્ષા) | ૨૦ |
| ૧૬ | વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીન | ૭ |
| ૧૭ | મેન્યુઅર લીફટીંગ મશીન | ૧૮ |
| | કુલ | **૫૫૨** |